Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/ગુ.ગ.એવોર્ડ/૨૦૨૨/વશી.૧૫/ ૩૯૯૧-૩૯૯૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૪/૦૩/૨૦૨૨

પ્રતિ,
કન્વીનરશ્રી,
તમામ શાળા વિકાસ સંકુલ
સુરત, જિ.સુરત

**વિષય :-** ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૨ માટે નામો મોકલવા બાબત.
**સંદર્ભ :-** મે.સંયુ.શિ.નિયામકશ્રી(માધ્ય.)નાં પત્ર નં.ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/ ૩૯૯૩ -૪૦૨૬ તા.૦૫/૩/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૦૧ મે 'ગુજરાત સ્થાપના દિન'નાં રોજ ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૨ આપવા અંગેની કાર્યપધ્ધતિ સામાન્ય વહીવટી વિભાગ દ્વારા નક્કી કરેલ છે.(આ સાથે સામેલ છે.) જે અન્વયે આપના સંકુલમાં શિક્ષણ ક્ષેત્રે સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવા કે વિશિષ્ટ સિદ્દિધ મેળવેલ વ્યક્તિ કે સંસ્થા હોય તો તેની માહિતી સંદર્ભમાં આપેલ પરિશિષ્ઠ-૧ મુજબ ગુજરાતીમાં ત્રણ નકલોમાં તૈયાર કરી સોફ્ટ કોપી આ કચેરીને ઇ-મેઈલ (suratdeo@gmail.com) પર મોડામાં મોડી **તા.૧૫/૦૩/૨૦૨૨** સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

**નોંધ :- સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહી.**

બિડાણ :- ઉપર મુજબ

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**નકલ રવાના :- જાણ તથા અમલ સારું..**
૧. તમામ મદદનીશ શિક્ષણ નિરિક્ષકશ્રીઓ, આ કચેરી

ઈ-મેઈલ/સમયમર્યાદા

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૩૯૯૩-૪૦૨૫

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૦૫/03/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૨ માટે નામોની દરખાસ્ત મોકલવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૧૨૦૨૧/૭૮/વ.૨, તા.૨૪/૦૨/૨૦૨૨ અને તા.૦૪/03/૨૦૨૨.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર તથા તે સાથેના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૦૨/૨૦૨૨ ના પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા સર્વોચ્ચ નાગરિક એવોર્ડ "ગુજરાત ગરિમા એવોર્ડ" તા.૦૧ મે, "ગુજરાત સ્થાપના દિન" ના રોજ આપવા અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરેલ છે.

"ગુજરાત ગરિમા એવોર્ડ" સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવા કે વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે. જે અંગે સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૬/૭/૨૦૦૫ નો ઠરાવ (બિડાણ સામેલ) અને તેમાં જણાવેલ સૂચનો ધ્યાને લઈ આપના જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા કે વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ વ્યક્તિ કે સંસ્થાની માહિતી ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ મુજબ ગુજરાતીમાં ત્રણ નકલોમાં તૈયાર કરી સોફ્ટ કોપી (સોફ્ટ કોપી ssmadhyamik3@gmail.com પર જ ઈ-મેઈલથી મોકલવી) તા.૧૫/03/૨૦૨૨ સુધીમાં અત્રેની કચેરીને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. શૂન્ય માહિતી હોય તો તે પણ મોકલી આપવી.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર અને તે સાથેના બિડાણ

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

ક્રમાંકઃ-પરચ-૧૧૨૦૨૧/૪૭૫/વ.૨

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાધીનગર
તા.૨૪/૦૨/૨૦૨૨

પ્રતિ,
(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨. ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(3) કમિશ્નરશ્રી,મધ્યાહ્‌ન ભોજન યોજના,બ્લોક નં ૧૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૪) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર
(૫) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર
(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૭) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭,ગાંધીનગર.
(૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર
(૯) નિયામકશ્રી,ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ,સેક્ટર-૧૦,ગાંધીનગર
(૧૦) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ડૉ.જીવરાજમહેતા ભવન,ગાંધીનગર
(૧૧) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર- ૨૧ ગાંધીનગર
(૧૨) નિયામકશ્રી,એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા,અમદાવાદ
(૧૩) સેકશન અધિકારીશ્રી(મહેકમ - શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**વિષયઃ ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૨ માટે નામોની દરખાસ્ત મોકલવા બાબત.**

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૮/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંકઃઅવડ/૧૦૨૦૨૨/૨૨૫/ઘની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતા આજ્ઞાનુંસાર જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા સર્વોચ્ચ નાગરિક એવોર્ડ ''ગુજરાત ગરિમા એવોર્ડ'' તા.૧લી મે, ''ગુજરાત સ્થાપના દિન''ના રોજ આપવા અંગેની કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

''ગુજરાત ગરિમા એવોર્ડ'' ગુજરાત સરકારનો સર્વોચ્ચ નાગરિક સન્માન એવોર્ડ છે. જે સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવા કે વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે. સરકારશ્રીનો તા.૨૬/૦૭/૨૦૦૫નો ઠરાવ ધ્યાને લઈ કાળજીપૂર્વકની વિચારણા કરી આ અંગેની દરખાસ્ત મોડામાં મોડી તા.૨૦/૦૩/૨૦૨૨ સુધીમાં સામાન્ય વહીવટ વિભાગને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવેલ છે. આથી વિભાગ/ખાતાના વડાઓની કચેરીમાં ઉત્કૃષ્ટ સેવા કે વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ વ્યક્તિ કે સંસ્થાની માહિતી સામાન્ય વહિવટ વિભાગના ઠરાવની નકલ સાથેના પરિશિષ્ટ-૧ મુજબ ગુજરાતીમાં (બાયોડેટા સહિત) ત્રણ નકલોમાં કોમ્પ્યુટર પર તૈયાર કરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. વિશિષ્ટ કામગીરી અંગેની માહિતી વધુમાં વધુ બે પાના તેમજ ૮૦૦ શબ્દોથી વધે નહીં તે રીતે જ તૈયાર કરીને મોકલવા વિનંતી છે. જો આપની ''શૂન્ય'' માહિતી હોય તો પણ મોકલી આપવા વિનંતી છે.

બિડાણ:ઉપર મુજબ

આપની વિશ્વાસુ
(હિતલ સચાણીયા)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

2366

D:\SUHAG\SUHAG\AWARDS\GUJARAT GARIMA AWARD\2022\MAIN NOTE.doc

**ખાનગી**

**તાત્કાલિક/સમય મર્યાદા**

**તા.૨૦/૦૩/૨૦૨૨સુધીમાં**

75 आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते

ક્ર:અવડ/૧૦૨૦૨૨/૨૨૫/ધ

Government of Gujarat
गुजरात राज्य
ગુજરાત સરકાર
General Administration Department
सामान्य वहीवट विभाग
સામાન્ય વહીવટ વિભાગ
Sachivalaya, Gandhinagar-382 010
सचिवालय, गांधीनगर-382 010
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ:૦૮/૦૨/૨૦૨૨

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,
સચિવાલયના સર્વે વિભાગો

**વિષય:- ગુજરાત ગરિમા એવોર્ડ-૨૦૨૨ માટે નામોની દરખાસ્ત મોકલવા બાબત**

શ્રીમાન,

ગુજરાત સરકાર દ્વારા તા.૨૩/૧૨/૨૦૧૩ના ઠરાવથી સર્વોચ્ચ નાગરિક એવોર્ડ ''ગુજરાત ગરિમા એવોર્ડ'' તા.૧લી મે, ''ગુજરાત સ્થાપના દિન''ના રોજ આપવા અંગેની કાર્યપધ્ધતિ નક્કી કરેલી છે. જેની નકલ આ સાથે જાણ સારૂ મોકલવામાં આવે છે.

૨. ''ગુજરાત ગરિમા એવોર્ડ'' ગુજરાત સરકારનો સર્વોચ્ચ નાગરિક સન્માન એવોર્ડ છે. જે સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવા કે વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે. આથી, સરકારશ્રીનો તા.૨૬/૦૭/૨૦૦૫નો ઠરાવ ધ્યાને લઇ કાળજીપૂર્વકની વિચારણા કરી આ અંગેની દરખાસ્ત મોડામાં મોડી તા.૨૦/૦૩/૨૦૨૨ સુધીમાં સામાન્ય વહીવટ વિભાગને મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે.

૩. આપના વિભાગની સંકલિત દરખાસ્તો, આ સાથે મોકલવામાં આવેલ આ વિભાગના ઠરાવની નકલ સાથેના પરિશિષ્ટ-૧ મુજબ ગુજરાતીમાં (બાયોડેટા સહિત) ત્રણ નકલોમાં કોમ્પ્યુટર પર તૈયાર કરીને મોકલી આપવા વિનંતી છે. દરખાસ્તમાં દર્શાવેલ વિશિષ્ટ કામગીરી અંગેની માહિતી વધુમાં વધુ બે પાના તેમજ ૮૦૦ શબ્દોથી વધે નહી તે રીતે જ તૈયાર કરીને મોકલવા વિનંતી છે. જો શૂન્ય માહિતી હોય તો પણ નિયત સમયમાં તેની જાણ અચૂક કરવા વિનંતી છે.

૧૮-૨-૨
૧૮/૦૨/૨૦૨૨

નોં. ક્ર. ૯૮૨
11 FEB 2022
19390
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

આપનો વિશ્વાસુ,

જે.એ. ત્રિવેદી
( જ્વલંત ત્રિવેદી )
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

બીડાણ:- ઉપર મુજબ

નકલ સાદર રવાના સમાન પ્રકારની કાર્યવાહી માટે:-
માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

" ગુજરાત ગરિમા એવોર્ડ " અંગે
કાર્યપધ્ધતિ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અવડ-૧૦૨૦૦૫-૫૨૭-ધ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૯-૭-૨૦૦૫

**આ મુ ખ ::-**

સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવા, વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ વ્યકિત વિશેષ કે સંસ્થાને ગુજરાત સરકાર દ્વારા નાગરિક સન્માન આપવા અંગે નિયમો નકકી કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ ::::**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ગુજરાત સરકારના નાગરિક સન્માન " ગુજરાત ગરિમા એવોર્ડ " અંગે નીચે મુજબ કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

" ગુજરાત ગરિમા એવોર્ડ " ની દરખાસ્ત મોકલતાં પૂર્વે નીચેની બાબતો ખાસ ધ્યાને લેવાની રહેશે.

૧. 'સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય અને રાષ્ટ્રીય કે રાજય કક્ષાએ નોંધપાત્ર ગણી શકાય તેવી ઉત્તમ સેવા બજાવેલી હોય કે સિધ્ધિ મેળવેલી હોય, તથા ગુજરાતમાં જેનું કાર્યક્ષેત્ર હોય અને ગુજરાત અથવા ગુજરાત બહાર રહેતા હોય તેવા વ્યકિત વિશેષ કે સંસ્થાને " ગુજરાત ગરિમા એવોર્ડ " એવોર્ડ આપવામાં આવશે.'

૨. એવોર્ડ વિજેતાઓની પસંદગી:-
સરકાર દ્વારા નિમવામાં આવેલ સમિતિ,મળેલ દરખાસ્તોની નીચે જણાવેલા માપદંડના આધારે ચકાસણી કરીને સરકારને નામોની ભલામણ કરશે. સમિતિમાં વધુમાં વધુ સાત સભ્યો હશે. દર વર્ષે સમિતિએ આ કામગીરી ૩૧ માર્ચ સુધીમાં પૂરી કરવાની રહેશે.

૩. જુદા જુદા ક્ષેત્ર માટે એક વર્ષમાં વધુમાં વધુ પાંચ વ્યક્તિ કે સંસ્થાને એવોર્ડ આપી શકાશે.

૪. આ એવોર્ડ ૧લી મે, " ગુજરાત રાજયનો સ્થાપના દિન " ના રોજ દર વર્ષે આપવામાં આવશે.

૫. સન્માન વખતે ચંદ્રક, સન્માનપત્ર અને શાલ આપવામાં આવશે.

૬. આ એવોર્ડ અંગે સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) દ્વારા રજીસ્ટર નિભાવવામાં આવશે.

૭. મરણોત્તર એવોર્ડ પણ આપી શકાશે.

૮. ગુજરાત ગરિમા એવોર્ડ મેળવનાર વ્યક્તિ વિશેષ દ્વારા એવોર્ડની ગરિમાને લાંછન લાગે તેવા કોઇ પણ પ્રકારના વ્યવહાર / કાર્ય માટે સરકાર એવોર્ડ પરત લઇ શકશે, રજીસ્ટરમાંથી તેમનું નામ કમી કરવામાં આવશે. ઉપરાંત, એવોર્ડ પુન:સ્થાપિત કરવા તથા એવોર્ડ પરત લેવાના હુકમને રદ કરવા માટે સરકાર સક્ષમ ગણાશે.
ગુજરાત એવોર્ડ માટે પસંદગીના ક્ષેત્રોની માર્ગદર્શક યાદી નીચે મુજબ રહેશે.

(૧) સમાજ સેવા
(૨) વિજ્ઞાન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, એન્જીનીયરીંગ
(૩) તબીબી સેવા
(૪) સાહિત્ય
(૫) શિક્ષણ
(૬) પત્રકારત્વ
(૭) રમત-ગમત
(૮) માનવ અધિકાર સુરક્ષા
(૯) વન અને પર્યાવરણ
(૧૦) કૃષિ
(૧૧) ઉદ્યોગ અને વેપાર
(૧૨) નાગરિક સંરક્ષણ / નાગરિક સેવા
(૧૩) જાહેર સેવા

૧૦. આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ એવોર્ડ માટે નામો અંગેની દરખાસ્ત સબંધિત જિલ્લા કલેકટરશ્રીએ દર વર્ષે ૩૧ ડીસેમ્બર સુધીમાં મોકલવાની રહેશે. દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ)ને સીધી પણ મોકલી શકાશે.

૧૧. વ્યક્તિ વિશેષ કે સંસ્થાને એક જ કક્ષાના એવોર્ડ બીજી વખત આપી શકાશે નહીં.

૧૨. એવોર્ડ અંગેની સઘળી કામગીરી સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) એ કરવાની રહેશે.

૧૩. એવોર્ડ અંગેનું ખર્ચ હિસાબના સદર " ૨૦૫૨-સચિવાલય સામાન્ય સેવાઓ, (૦૯૦) સચિવાલય, (૨) સામાન્ય વહીવટ વિભાગ, (૧૩) કચેરી ખર્ચ "ખાતે ઉધારવું અને જે તે નાણાકીય વર્ષમાં કરેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે.એલ.પટેલ )
નાયબ સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓ / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

Scanned by CamScanner

(તા. ૨૬-૭-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: અવડ-૧૦૨૦૦૫-૫૨૭-પનું બિડાણ)

## પરિશિષ્ટ - ૧

### ગુજરાત ગરિમા એવોર્ડ માટે દરખાસ્ત મોકલવા માટે પત્રક.

| | | |
|---|---|---|
| ૧. | નામ | : |
| ૨. | જન્મ તારીખ અને ઉંમર | : |
| ૩. | જન્મ સ્થળ | : |
| ૪. | હાલનું ટપાલનું સરનામું | : |
| ૫. | ધંધો / નોકરી (સરકારી કર્મચારીના કિસ્સામાં હોદ્દો અને કચેરીનું સરનામું | : |
| ૬. | કામગીરીનું ક્ષેત્ર | : |
| ૭. | ભૂતકાળમાં રાજ્ય કક્ષાના કે અન્ય કોઇ એવોર્ડ / સન્માનપત્ર આપવામાં આવ્યા હોય તો તેની વિગત. | : |
| ૮. | ભૂતકાળમાં કોઇ એવોર્ડ માટે દરખાસ્ત મોકલવામાં આવી હોય તો તેની વિગત | : |
| ૯. | જે કામગીરી / પ્રવૃત્તિ માટે ભલામણ કરવામાં આવી છે તે વિશિષ્ટ કામગીરી / પ્રવૃત્તિની માહિતી (વધુમાં વધુ બે પાનામાં) | : |
| ૧૦. | સબંધિત કલેકટરશ્રીનો અભિપ્રાય. | : |

**તારીખ:** **કલેકટરશ્રીની સહી**

**સ્થળ:**

Scanned by CamScanner